# સાચાબોલી ગાય

ઊંચો એક ડુંગર હતો. ગામની સીમમાં ચરતી ગાયો ક્યારેક ડુંગરની ખીણમાં ચાલી જતી. ત્યાં ચારો ચરતી અને જરણાંનું મીઠું પાણી પીતી. સાંજ પડ્યે ગોવાળ ધણને પાછું વાળી લાવતો. એક દિવસ એક ગાય પાછળ રહી ગઇ. સૂરજ ડૂબી ગયો હતો. અંધારું પડવા માંડ્યુ હતું. ગાયને થયુ, " હું પણ કેવી! મારું વાછરડું બીચારું રાહ જોતું હશે!" ડોક લંબાવીને ગાય તો ઊભી પૂંછડીએ દોડી. ત્યાં ડુંગરની ખીણમાંથી છલંગ મારીને એક વાઘ ગાયની સામે આવીને ઊભો. ગાય થંભી ગઇ. વાઘ કહે, " તને ખાઉં." ગાય કહે,"ભાઇ, ઘેર મારું વાછરડું મારી વાટ જોતું હશે. તે બીચારું ભૂખ્યું થયું હશે." વાઘ કહે,"મારું બચ્ચું પણ ભૂખ્યું થયું છે. એને માટે હું ખાવાનું શોધું છું. તું ઠીક લાગમાં આવી છે. હવે તને છોડું કે ?" ગાય કહે,"ભલે, પણ ભાઇ, હું ઘેર જઇ મારા વાછરડાને ધવરાવી આવું. પછી મારજે." વાઘ કહે," ખરી છે તું પણ! મને છેતરવો છે, કેમ? હાથમાં આવેલો શિકાર જવા દઉં તો હું વાઘ શાનો ?" ગાય કહે," ભાઇ, તને તારું બચ્ચું વહાલું છે તેમ મને પણ મારું વાછરું વહાલું છે. એને ધવરાવી આવું. એકવાર એનું મોઢું જોઇ આવું. વાછરડાને મળીને હમણાં પાછી આવીશ. વાઘ જરા ઢીલો થયો.



તે કહે, "ભલે, તો જઇ આવ. પણ મોડું ન કરીશ, સમજી? " ગાય તો દોડતી હાંફતી ઘેર પહોંચી. વાછરડું દોડતુંક ને એને વળગી પડયું અને ધાવવા લાગ્યું. પેટ ભરીને ધાવી રહયું એટલે ગાય એને ડિલ પર, કપાળ પર ને લમણા પર ચાટવા લાગી. વાછરડું તો માનું હેત જોઇને રાજી રાજી થઇ ગયું. ડોક ઊંચી કરીને એણે માની સામે જોયું. જુએ છે તો માની આંખાંમાંથી આંસુની ધારા ચાલી જતી હતી. વાછરું કહે, " મા મા રડે છે કેમ? "

ગાય કહે, " કહે કાંઇ નહિં, બેટા. " વાછરું કહે " ના પણ મને કહે. " ગાય કહે, " બેટા હું થોડીક મોડી આવી ને તારે એટલી વાર ભૂખ્યા રહેવું પડયું. મને થયું, કોઇ વાર હું ન જ આવું તો તારી શી વલે થાય? "

વાછરું કહે, " પણ તું ન શું કામ આવે? તું તો આવે જ ને? મારા વગર તને બીજે ગમે જ નહિ. "

ગાય પાસે આવીને કહે,"ભાઇ, હવે મને મારી નાખ." વાઘ તો ગળગળો થઇ ગયો,"બહેન, તું કેવી સાચાબોલી છે! મરવા માટે તે કોઇ આમ પાછું આવતું હશે? અને તું તો બચ્ચા સાથે આવી છે! તમને મારીને હું ક્યાં જાઉં? તારા જેવી સાચાબોલીને હેરાન કરી તે માતે મને તું માફ કરજો!" એમ કહી વાઘ તો છલંગ મારતો ચાલ્યો ગયો. ગાય વાછરડા સાથે ઘેર આવી.